ઝારખંડમાં ભાજપ સરકારનું પતન

મુખ્યમંત્રી અર્જુન મુંડાનું રાજ્યપાલને રાજીનામું

રાંચી, તા.૮

ઝારખંડમાં રાજકીય કટોકટી આજે વધુ વણસી ગઈ હતી. મુખ્યમંત્રી અર્જુન મુંડાએ રાજયપાલને રાજીનામુ સોંપી દીધુ હતું. ગઠબંધન ભાગીદાર ઝારખંડ મુક્તિ મોરચાએ તેને આપવામાં આવેલો ટેકો વિધિવત રીતે પાછો ખેંચી લેતા આ સ્થિતિ સર્જાઈ હતી. જેએમએમ દ્વારા ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યા બાદ આદિવાસી રાજ્ય ઝારખંડમાં રાજકીય કટોકટી વધુ ગંભીર બની ગઈ છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ અર્જુન મુંડાએ આજે સવારે રાજ્યપાલને તેમનું રાજીનામું સોંપી દીધું હતું. તેઓ ૧૧.૩૦ વાગે રાજ્યપાલને મળ્યા હતા અને રાજ્ય વિધાનસભાને વિખેરી નાખવાની ભલામણ કરી હતી. અહેવાલ મુજબ હેમંત સોરેનના નેતૃત્વમાં જેએમએમના ધારાસભ્યો દ્વારા રાજયપાલ સઈદ અહેમદને વિધિવત પત્ર સોંપ્યો હતો અને માહિતી આપી હતી કે ભાજપના નેતૃત્વમાં સરકારને ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજી બાજુ ઝારખંડમાં પાછલા બારણાં રાજકીય ગતિવિધી વધુ તીવ્ર બની ગઈ હતી. રાજ્યમાં સરકારની રચના કરવા માટે નવા રાજકીય ગઠબંધનની રચના કરવાની શક્યતા ચકાસવા જેએમએમના નેતાઓ અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસ રાજ્ય પ્રમુખ પ્રદીપ કુમાર બાલમુચુએ કહ્યું હતું કે પક્ષ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની તરફેણમાં નથી. તેમને એમ પણ કહ્યું હતું કે જેએમએમ દ્વારા કરવામાં આવેલી

કોઈપણ ઓફર અંગે વિચારણા કરવામાં આવશે. જેએમએમના ધારાસભ્યો અને રાજ્યના રાજ્યપાલ વચ્ચે બેઠક પહેલા મુખ્યમંત્રી અર્જુન મુંડાએ રાજ્ય વિધાનસભાને વિખેરી નાખવાની ભલામણ કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્ય વિધાનસભાને વિખેરી નાંખવાના નિર્ણયને તેમની કેબિનેટે મંજૂરી આપ્યા બાદ આ ભલામણ કરી હતી. કેબીનેટની બેઠકમાં ભાજપના તમામ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા પરંતુ આ બેઠકમાં ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન અને જનતાદળ યુનાઈટેડના પ્રધાનો ઉપસ્થિત રહ્યા ન હતા. જેએમએમના પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા ન હતા. સીબુ સોરેનના નેતૃત્વમાં જેએમએમ દ્વારા ગઈકાલે મુંડા સરકારનો ટેકો પાછો ખેંચી લીધો હતો જેથી સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી. સમજૂતી ઉપર પહોંચવા અગાઉ બંને પક્ષો નિષ્ફળ રહ્યા હતા. જેએમએમના વડાએ એવી રજૂઆત કરી હતી કે જો ભાજપ-જેએમએમની સરકાર ચાલુ રહે તો તેમના પક્ષમાંથી કોઈ એકને સત્તા સોંપી દેવા મુંડાને કહ્યું હતું. જો મુખ્યપ્રધાનનો હોદ્દો જેએમએમને આપવામાં આવશે નહીં તો ટેકો પાછો ખેંચી લેવામાં આવશે તેવી ધમકી પણ આપવામાં આવી હતી. ૨૮-૨૮ મહિના સુધી સત્તા વહેંચણીના મુદ્દે બંને પક્ષો સહમત થયા હતા જેના ભાગરૂપે આ સમજૂતી કરવામાં આવી હતી. જો કે આ બાબત આગળ વધી ન હતી. ૨૮ મહિનાની મુંડાની અવધી ૧૦મી જાન્યુઆરીના દિવસે પૂરી થઈ રહી છે. ભાજપ અને જેએમએમ બંને ૮૧ સભ્યોની વિધાનસભામાં ૧૮-૧૮ ધારાસભ્યો ધરાવે છે. નાયબ મુખ્યમંત્રી હેમંત સોરેને ગઈકાલે જ કહ્યું હતું કે ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવ્યો છે. જેએમએમ ભાજપના નેતૃત્વમાં કેબીનેટમાં પાંચ સભ્યો ધરાવતા પક્ષ તરીકે હતો. અર્જુન મુંડાના નેતૃત્વમાં ભાજપ સરકારની રચના સપ્ટેમ્બર ૨૦૧૦માં કરાઈ હતી.

ધુલે હિંસામાં મોતનો આંકડો વધી પાંચ

મુંબઈ, તા.૮

ધુલે પોલીસ ફાયરીંગમાં મોતનો આંકડો વધીને આજે પાંચ ઉપર પહોંચ્યો હતો. બીજીબાજુ સ્થિતિ હજુ પણ તંગ બનેલી છે. પોલીસ ગોળીબારમાં ઘાયલ થયેલા વધુ એકનું મોત થયુ હતુ. આની સાથે જ મોતનો આંકડો પાંચ ઉપર પહોંચ્યો છે. બીજી બાજુ સઘન સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. આજે હોસ્પિટલમાં વધુ એકનું મોત થયુ હતુ આની સાથે જ આ વ્યક્તિનું આજે સવારે ૬.૩૦ વાગ્યે મોત થયુ હતુ. રવિવારે સાંજે ત્રણના મોત થયા હતા અને સોમવારે અન્ય એક વ્યક્તિનું મોત થયુ હતુ. ધુલેના જુદા જુદા ભાગોમાં આજે સતત ત્રીજા દિવસે સંચારબંધી જારી રહી હતી. જ્યારે પાંચથી વધુ લોકો એકત્રિત થવા ઉપર પ્રતિબંધ જાળવી રાખવામાં આવ્યો હતો. ૪૦૦૦૦૦ની વસ્તી ધરાવતા આ શહેરમાં તંગદિલી પ્રવર્તી રહી છે. બીજીબાજુ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે ભડકી ઉઠેલી હિંસાના મામલામાં મેજિસ્ટેરિયલ તપાસનો આદેશ આપ્યો છે. ઘાયલ થયેલાઓમાં ૧૧ પોલીસ અધિકારીઓ પણ સામેલ છે. આ તપાસ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવશે. અહેવાલ બે મહિનાની અંદર સોંપવામાં આવશે. મહારાષ્ટ્રના એડિશનલ ડિરેકટર જનરલ ઓફ પોલીસ અહેમદ જાવેદ ધુલે જવા રવાના થઈ ચુકયા છે. રેસ્ટોરન્ટમાં બિલની ચૂકવણીના મામલે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ત્યારબાદ નજીકના વિસ્તારોમાં પણ હિંસા ફેલાઈ ગઈ હતી. પથ્થરમારા, એસીડ અને સોડા બોટલનો મારો ચલાવવામાં આવ્યો હતો. આગના બનાવ બન્યા હતા. ઘરો અને દુકાનો પર હુમલા થયા હતા. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા ટીયરગેસના સેલ છોડ્યા હતા. ટોળા પર ગોળીબાર કરવાની ફરજ પડી હતી જેમાં ચાર લોકોના મોત થઈ ગયા હતા.

આસારામ બાપુના વધુ એક નિવેદનથી હોબાળો

નવી દિલ્હી, તા. ૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગ રેપના બનાવને લઈને ગોડમેન આસારામ બાપુએ વિવાદાસ્પદ નિવેદન કરીને ભારે ચકચાર જગાવ્યા બાદ આને લઈને આક્રોશનું મોજુ ફરી વળ્યુ છે. વિવાદાસ્પદ નિવેદન બદલ માફી માંગવાના બદલે વિવાદના ઘેરામાં આવેલા આસારામ બાપુએ આજે એમ કહીને વધુ નારાજગી ઉભી કરી હતી કે તેમની ટિકા કરનાર લોકો ભસતા કૂતરા સમાન છે. તેમણે તેમના સમર્થકોને સંબોધતા પોતાને હાથી તરીકે ગણાવ્યા હતા અને કહ્યુ હતુ કે સૌથી પહેલા એક કૂતરું ભસવાનું શરૂ કરે તે ત્યારબાદ અન્ય કૂતરા પણ ભસવાનું શરૂ કરી દે છે. ત્યારબાદ બધા કૂતરાઓ એક સાથે ભસવાની શરૂઆત કરી દે છે. પરંતુ હાથી પોતાના માર્ગ પર આગળ વધે છે. તેમણે અગાઉના નિવેદનને ખોટી રીતે રજુ કરવા બદલ મીડિયાની ઝાટકણી કાઢી હતી.

દિલ્હી ગેંગરેપ પર આપેલી ટિપ્પણી બાદ ફરી આસારામ બાપૂ વિવાદોના ઘેરામાં ફસાઈ ગયા છે. આ વખતે આસારામ બાપુએ મીડિયાને લક્ષ્યાંક બનાવીને ટીપ્પણી કરી હતી કે મીડિયાએ તેમના નિવેદનને વધારે ચઢાવીને રજૂ કર્યું છે અને હાથી જતો હોય ત્યારે કુતરા હાથી પાછળ ભોંકતા હોય છે. તેથી વધુ ધ્યાન આપવાની જરૂર નથી. હજુ બે દિવસ પહેલાં જ આસારામ બાપુએ દિલ્હી ગેંગરેપ પર ટિપ્પણી કરી હતી. જેને મીડિયાએ ખૂબ જ ટિકા કરી હતી. આસારામ બાપુએ કથિત ટિપ્પણી કરી હતી કે પિડીતાએ જો આરોપિઓને ભાઈ સંબોધન કરવું જોઈતું હતું. અને સરસ્વતી મંત્રનો જાપ કરવો જોઈતો હતો. આસારામએ કહ્યું હતું કે, પિડીતા પણ દુષ્કર્મ માટે આરોપી જેટલી જ દોષી છે. આરોપીઓ સામે ભીખ માંગવી જોઈતી હતી. આ ટિપ્પણીને મીડિયામાં ખૂબ ઉછાળવામાં આવ્યું અને રાજકીય



દળો અને સામાજિક કાર્યકર્તાઓએ તેમની ટિપ્પણીનો બહિષ્કાર કર્યો હતો. તેના પર આસારામ બાપુએ ફરી નિવેદન આપ્યું હતું. દરમિયાન તેમના નિવેદનને લઈને રોષનું મોજુ ફરી વળ્યુ છે. દેશના જુદા જુદા ભાગોમાં તેમના નિવેદન સામે લોકો મેદાનમાં આવી ગયા હતા અને આ નિવેદન બદલ માફીની માંગણી કરી હતી. સેન્ટર ફોર સોશિયલ રિસર્ચના રંજના કુમારીએ કહ્યુ હતુ કે આ પ્રકારના નિવેદનથી બળાત્કારીઓને વધુ પ્રોત્સાહન મળશે. આવા લોકોનો સામાજિક રીતે બહિષ્કાર થવો જોઈએ. આ જે લોકો છે જે સામાજિક મૂલ્યો આડે અડચણો ઉભી કરી રહ્યા છે. કાર્યકર વકીલ વૃંદા ગ્રોવરનું કહેવું છે કે આસારામ વાસ્તવિકતાથી દૂર ભાગી રહ્યા છે અને એવા લોકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે જે દૂષણ બની ચૂક્યા છે. સામાજિક વૈજ્ઞાનિક ઈમ્તિયાજ અહેમદે પણ આસારામના નિવેદન સામે નારાજગી વ્યક્ત કરી છે. શિક્ષણ શાસ્ત્રી આઈસા કિડવાઈએ કહ્યુ છે કે આ નિવેદન ખુબજ આઘાતજનક છે. વકીલ કીર્તિસિંહનું કહેવું છે કે આ પ્રકારના નિવેદન કરવા જોઈએ નહીં. મોટા ભાગના રાજકીય પક્ષો અને કલાકારોએ પણ આસારામની જોરદાર ઝાટકણી કાઢી છે.

ગેસ સિલિન્ડરમાં રૂપિયા ૭પનો જંગી વધારો ઝીંકવા તખ્તો તૈયાર

નવી દિલ્હી, તા.૮

ગરીબ અને મધ્યમવર્ગના લોકો ઉપર ટૂંક સમયમાં વધુ વધારો ઝીંકવાની તૈયારી સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ ડીઝલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા બે અને એલપીજીની કિંમતમાં સિલિન્ડર દીઠ રૂપિયા ૭પની વધારો કરવાની તૈયારી થઈ ચૂકી છે. પરંતુ સસ્તા સિલિન્ડરની સંખ્યા છના બદલે વધારીને નવ પણ કરવામાં આવી શકે છે. મળેલી માહિતી મુજબ નાણાંમંત્રાલય દ્વારા સસ્તા સિલિન્ડર આપવાની દરખાસ્તને કેટલીક શરતો સાથે મંજૂરી આપી દીધી છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પણ આ બાબતને સ્વીકારી લેવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ દરખાસ્ત કેબિનેટમાં રજૂ કરવામાં આવશે. સરકાર સિલિન્ડરોની મર્યાદા વધારવાની જાહેરાત કેન્દ્રીય બજેટથી પહેલાં કરી શકે છે. સોમવારના દિવસે વડાપ્રધાન મનમોહનસિંહે પણ કહ્યું હતું કે દેશમાં રાંધણગેસ અને ડીઝલની કિંમત હજુ પણ ઓછી છે. આ કિંમતોમાં વધારો કરવાનો સંકેત પણ આપ્યો હતો. નાણાંમંત્રાલય દ્વારા સાફ શબ્દોમાં જણાવી દેવામાં આવ્યું છે કે સસ્તા સિલિન્ડરોની સંખ્યા વધારવા આડે કોઈ તકલીફ નથી પરંતુ આના કારણે થનાર ૫૦૦૦ કરોડ રૂપિયાના

નુકસાનની તે ભરપાઈ કરશે નહીં. સિલિન્ડરોની સંખ્યા વધારવાની સાથે સાથે ડીઝલ અને કેરોસીનની કિંમતો વધારીને આ વિકલ્પને દૂર કરવામાં આવશે. ટૂંક સમયમાં જ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી શકે છે. વિશ્વસનીય સૂત્રોનું કહેવું છે કે સરકાર કેલકર કમીટિની ભલામણના આધાર ઉપર આ ભાવવધારો ઝીંકવા જઈ રહી છે. સરકાર ડીઝલની કિંમતમાં બેથી ત્રણ રૂપિયાનો વધારો કરશે જ્યારે એલપીજીની કિંમતમાં ૫૦થી ૭૫ રૂપિયાનો વધારો કરવામાં આવશે. જો કે આ નિર્ણય લેવાની બાબત સરકાર માટે સરળ રહેશે નહીં. કારણ કે રાજકીય પક્ષો અને વિરોધ પક્ષોનો ભારે હોબાળો આના લીધે થઈ શકે છે. કેલકર સમીટિની ભલામણો ઉપર ઘણા સમયથી વિચારણા કરવામાં આવી રહી છે. સરકારને પણ ઘણી અડચણોનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે કેલકર સમીટિએ ઘણી બધી બાબતોને ધ્યાનમાં લઈને તથા પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈ આ ભલામણ કરી છે. હાલમાં ડીઝલની કિંમત દિલ્હીમાં લીટર દીઠ ૪૭.૧૫ છે. ડીઝલની કિંમતમાં છેલ્લે ૧૪મી સપ્ટેમ્બરના દિવસે સુધારો કરવામાં આવ્યો હતો. એ વખતે લીટર દીઠ ૫.૬૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. કેરોસીનની કિંમતમાં જૂન ૨૦૧૧ બાદથી કોઈપણ સુધારો કરવામાં આવ્યો નથી.

ઉત્તરભારતમાં ઠંડીનો પ્રકોપ જારી : માઉન્ટ આબુમાં ૦.૫

નવી દિલ્હી, તા.૮

ઉત્તરભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ યથાવત રહ્યુ છે. ઠંડીથી કોઈ પણ પ્રકારની રાહત મળી નથી. બીજી બાજુ ઠંડીના કારણે ઉત્તરપ્રદેશમાં મોતનો આંકડો અતિ ઝડપથી વધી રહ્યો છે. મુજફ્ફરનગરમાં લઘુતમ તાપમાન ૦.૭ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયુ છે. જે સામાન્ય તરકા સાત ડિગ્રી ઓછુ છે. આગ્રામાં લઘુતમ તાપમાન ૦.૬ ડિગ્રી નોંધાયુ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઉત્તરપ્રદેશમાં વધુ ૧૫ લોકોના મોત થયા છે જેથી મોતનો આંકડો વધીને ૧૭૦ ઉપર પહોંચ્યો છે. દરમિયાન રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં લઘુતમ તાપમાન સોમવારની સરખામણીમાં સુધર્યો છે. સોમવારે ૨.૪ ડિગ્રીની સરખામણીમાં આજે ૩.૩ ડિગ્રી તાપમાન રહ્યા હતુ. સમગ્ર ઉત્તરભારતને ઠંડીથી કોઈ રાહત મળી નથી. ધુમ્મસ અને તીવ્ર ઠંડીથી જનજીવન ખોરવાયેલું રહ્યુ હતુ. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના ચુરુ અને માઉન્ટ આબુમાં પારો શૂન્યથી નીચે પહોંચી ગયો છે. ચુરુમાં આજે પારો ૧.૦૭ ડિગ્રી થઈ ગયો હતો. બીજીબાજુ રાજસ્થાનમાં એકમાત્ર પ્રવાસી સ્થળ માઉન્ટ આબુમાં પારો શૂન્યથી નીચે પહોંચી ગયો છે. અહીં તાપમાન ૦.૫ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યુ છે કે રાજસ્થાનમાં પીલાણીમાં તાપમાન શૂન્યથી આસપાસ પહોંચ્યુ છે. શ્રી ગંગાનગરમાં પણ શૂન્ય ડિગ્રી તાપમાન નોધાયુ છે. રાજસ્થાનના અન્ય તમામ ભાગો તીવ્ર ઠંડીના સકંજામાં રહ્યા છે. ચિત્તોડગઢમાં ૧.૭, બુંદીમાં ૩.૨, શિખરમાં ૩.૩, સવાઈ માધવપુરમાં ૩.૮, જયપુરમાં ૪, અજમેર અને કોટામાં ૫.૩, બિકાનેરમાં ૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જમ્મુ કાશ્મીર એ હિમાચલમાં હિમવર્ષાના અહેવાલ પણ મળ્યા છે. હિમાચલમાં પારો ઘણી જગ્યાએ રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો છે. લાહોલ-સ્પિતિ જિલ્લામાં કેલોંગ ખાતે તાપમાન માઈનસ ૧૦.૯ ડિગ્રી નોંધાયુ છે. હરિયાણાના નારનોલમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકોએ કર્યો છે. અહીં ૧૫ વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. હિસારમાં તાપમાન ૦.૮ ડિગ્રી નોંધાયુ છે. ઉત્તરાખંડ જિલ્લામાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

સરંક્ષણ બજેટમાં કરોડોનો કાપ

નવી દિલ્હી, તા.૮

સરંક્ષણ બજેટમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના કાપની અસર સૈનાના આધુનિકીકરણની યોજના ઉપર સીધી રીતે પડશે. નાણાંમંત્રાલયના આ નિર્ણય અંગે ટિપ્પણી કરતા હવાઈ દળના વડા એર ચીફ માર્શલ એનએ બ્રાઉને કહ્યું છે કે તેઓ સરકારની સમક્ષ આ મુદ્દો ઉઠાવશે.

જોધપુર નજીક ફાલોદી હવાઈદળના બેઝકેમ્પ ખાતે નવા હેલિકોપ્ટરનું ઉદ્‌ઘાટન કર્યા બાદ તેમને કહ્યું હતું કે હવાઈદળના આધુનિકીકરણની પ્રક્રિયા અતિ ઝડપથી ચાલી રહી છે. સરકાર તરફથી ઉદાર નાણાંકીય જોગવાઈના પરિણામ સ્વરૂપે આ પ્રક્રિયા આગળ વધી રહી છે પરંતુ સરંક્ષણ બજેટમાં ઘટાડાથી હવાઈદળની તૈયારી ઉપર સીધી રીતે અસર થશે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકાર સાથે વાતચીત કરવાની ઈચ્છા પણ તેઓએ વ્યક્ત કરી છે. ગયા વર્ષે સરંક્ષણ બજેટ ૧.૯૩ લાખ કરોડનું હતું. નાણાંમંત્રાલયે સરંક્ષણ મંત્રાલયને આમા પાંચ ટકાનો ઘટાડો કરવાની વાત કરી છે. હવે વાયુસૈના માટે ૧૨૬ યુદ્ધ વિમાન ખરીદવાનો નિર્ણય આગામી નાણાંકીય વર્ષ સુધી ટળી જવાની શક્યતા છે.

બિહાર પોલીસમાં ૬૦૦ મહિલાઓની ભરતી થશે

પટના, તા.૮

બિહારમાં મહિલાઓની સુરક્ષા વધારવાના હેતુસર વધુ મહિલાની બિહાર પોલીસમાં ભરતી કરાવા તૈયારી હાથ ધરવામાં આવી છે. તેના મહિલા પોલીસ સ્ટેશનના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબુત કરવા આગામી સમાહમાં વધારાની ૬૦૦ મહિલા કોન્સ્ટેબલોની ભરતી કરવામાં આવશે. રાજ્ય પોલીસ વડા અભયાનંદ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે બિહાર મિલિટ્રિ પોલીસ દ્વારા વધારાની ૬૦૦ મહિલા પોલીસ કોન્સ્ટેબલોને તાલિમ આપવામાં આવનાર છે. ૧૭મી જાન્યુઆરીના દિવસે આ મહિલાઓ પાસિંગ આઉટમાંથી પસાર થશે. નવી મહિલા પોલીસ કોન્સ્ટેબલોને શસ્ત્રોની તાલિમ પણ આપવામાં આવશે. ત્યારબાદ રાજ્યભરમાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં તૈનાત કરવામાં આવશે. પોલીસના એડિશનલ ડિરેક્ટર જનરલ રવિન્દ્ર કુમારે કહ્યુ છે કે ૧૫૦૦ મહિલા પોલીસ અને સાથે સાથે અધિકારીઓ અને કોન્સ્ટેબલો હાલમાં ફરજ બજાવી રહ્યા છે. મહિલા પોલીસ સ્ટેશન રાજ્યમાં તમામ ૪૦ પોલીસ જિલ્લાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. દહેજ અને પરિવાર સાથે સંબધિત અન્ય વિવાદોને લગતા બનાવોમાં મહિલા પોલીસની મહત્વની ભૂમિકા દેખાઈ રહી છે.

જગમોહનની ૧૪૩ કરોડની સંપત્તિ જપ્ત

હૈદરાબાદ, તા.૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ જગનમોહન રેડ્ડી પર સકંજો વધુ મજબુત બનાવી દીધો છે. ઈડી દ્વારા આવકના સાધનો કરતા અપ્રમાણ સંપત્તિ કેસમાં તપાસના ભાગરૂપે જગનમોહનની ૧૪૩ કરોડ રૂપિયાની જપ્ત કરી લીધી છે. અધિકારી સૂત્રોએ કહ્યુ છે કે ઈડીએ કઠોર કાર્યવાહી હાથ ધરીને આ પગલું લીધુ છે.

થોડાક દિવસ પહેલા જ અતિ કઠોર કામગીરી હાથ ધરીને જગનની ૧૪૩ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લેવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ વાયએસ જગનમોહન રેડ્ડીની સામે આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિના કેસમાં સીબીઆઈની ખાસ અદાલતે થોડાક દિવસ પહેલા જ તેમની જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ ૧૭મી જાન્યુઆરી સુધી વધારી દીધી હતી. આ મામલામાં અન્ય આરોપીઓની પણ જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ વધારી દેવામાં આવી હતી. ગયા વર્ષે ૨૭મી મેના દિવસે ભ્રષ્ટાચારના આરોપોમાં ધરપકડ કરવામાં આવેલા જગનમોહન હાલમાં ચંચલગુડાની જેલમાં છે. આ મામલામાં આરોપી ઉદ્યોગપતિ એન પ્રસાદ અને વરિષ્ઠ અધિકારી કેવી બ્રહ્માનંદ રેડ્ડી ઉપરાંત અન્ય આરોપી પણ જેલમાં છે.

સમાચાર ઝલક

- અમદાવાદમાં સ્થાનિક વિમાની મથકે યાત્રીઓની સંખ્યામાં ઘટાડો, ભાડામાં વધારો થવાના કારણે.
- ફિલ્મ અભિનેતા શત્રુઘ્ન સિંહાની પિતા તરીકે સલાહના કારણે સોનાક્ષી સિંહાનો નો કિસ, નો બિકીની વાળી ફિલ્મોની પસંદગી.
- વન-ડે રેન્કીંગમાં કપ્તાન મહેન્દ્રસિંહ ધોની પ્રથમ પાંચમાં સામેલ.
- ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત : ટ્રેન સેવા ખોરવાઇ, વિમાની સેવાને તકલીફ.
- અમેરિકન કોંગ્રેસની બે સમિતિઓમાં પહેલી ભારતીય અમેરિકન તુલસી ગબાર્ડની પસંદગી.
- અમેરિકાની ટ્વીન્સ બહેનો એક જ દિવસે ૩ કલાકનાં અંતરે માતા બની.
- કડકડતી ઠંડી માટે 'શનિદેવ' જવાબદાર, ઉચ્ચ રાશિમાં વધુ પ્રભાવક બની ગયા, જ્યોતિષીઓનું ગણિત.
- ૨૦૧૪થી વિવિધ શિક્ષણ બોર્ડોના ગણિત વિજ્ઞાનના પ્રશ્નપત્રો એક સરખાં નીકળશે.
- બી.પી.એલ. પરિવારોને રાંધણગેસ મફત મળવાનાં એંધાણ, બજેટમાં જાહેરાત થશે.
- રેલ્વે સ્ટેશનોએ પરચુરણ સિક્કાનું મશીન મુકાશે.
- કેન્દ્ર સરકાર દ્વારા સંરક્ષણ અને શિક્ષણમાં કરોડોનો કાપ, નાણાકીય ભીડથી ધડાધડ નિર્ણય લેવાયો.
- વાઇબ્રન્ટ સમીટ ૨૦૧૩ ગુજરાતમાં વિશ્વનાં ૧૫૦ દેશો ભાગ લેશે.
- લીલીયા-વટવાણમાં કાતિલ ઠંડીના કારણે ૧૭૨ બગલાંના મોત.
- દરેક બેંક એકાઉન્ટ ગ્રાહકને એ.ટી.એમ. કાર્ડ અમશે.
- રશિયામાં ૩ આતંકવાદીઓ ઠરા મરાયા, મોટો હત્યાકાંડ સર્જવાની દહેશત હતી.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

દીકરી જયારે તમને એની મુશ્કેલી જણાવે છે, ત્યારે તમે શું કરો છો? એનાં સપોર્ટમાં રહો છો કે એને ઘર બહાર જવામાં બંધન લાદો છો? એને ઘર બહાર જવાનો પ્રતિબંધ એટલે, એને હેરાન કરનારાં છોકરાને પ્રોત્સાહન આપવા બરાબર છે એવું તમને લાગે છે?

તમે સ્ત્રી અને પુરૂષમાં ભેદભાવ કરો છો? આવો ભેદભાવ ઘરમાં દીકરા અને દીકરી માટે અલગ નિયમ છે? આવો ભેદભાવ કરવો તમને યોગ્ય લાગે છે? એકાદી છોકરી પાછળ કોઈ છોકરો પડે ત્યારે છોકરીની ભૂલ ના હોય તોય આપણે એને દોષી કહીએ છીએ, છોકરીને માનસિક ટેન્શનમાં આપણે તો લાવતાં નથી ને? આપણે જન્મ આપેલી દીકરી શું સહન કરે છે એનાં કરતાં લોકો શું કહેશે? હાઉ તો આપણે કરતાં નથી ને? તમારી દીકરી પર સમય આવે તો મજબૂતીથી ઊભા રહેશો તો કદાચ લોકો સારી વાતો પમ કરશે, કેમ ખરૂં ને?

દિલ્હી જેવી એકાદ ઘટના બને એટલે છોકરીઓએ બિલ્લી બનવાની જરાય જરૂર નથી. માત્ર સાવધાની રાખો, ફૂંકાડો રાખો, સમય પારખો અને કારણ વગરની તક પુરી પાડો, બાકી એમતો કયા લાલની તાકાત છે કે અડપલું કરી જાય?

ચૂંટલો :

અત્યાચારની આ કઈ પહેલી ઘટના નથી અને એટલે દીકરી કે સ્ત્રીઓ પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ, મનાઈ ફરમાવવી એટલે આંખો બંધ કરી સૂર્યને ઢાંકવા જેવી વાત છે. સમાજમાં દરેક પુરૂષ-છોકરાઓ કંઈ ખરાબ હોતા નથી, ખરાબ વ્યક્તિને ઓળખવાની આવડત કેળવો અને મનથી જિંદગી એન્જોય કરો.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

પછી તેમને મને પ્રેમથી કહ્યું, 'મીનું હું જોવા માંગતો હતો કે મારી ગેરહાજરીમાં મારી પત્ની પરિસ્થિતિનો સામનો કઈ રીતે કરે છે. હવે તને કહી દઉં હું સામે શુકલાજીનાં ધાબા પરથી પતંગ ચગાવતો હતો. મને તો ખબર જ નહીં કે તને આટલી સરસ પતંગ ચગાવતાં આવડે છે. તેમને ફરી એકવાર મારી સામે ચપળતાથી જોતાં કહ્યું.'

'ચાલો જવા દો... એ તો બબલું ને કારણે મને જરા ઉત્સાહ આવી ગયેલો. મને એવી ખબર નહોતી કે આસમાની પતંગ તમારી છે. નહીંતર કંઈ કાપત નહીં...'

'સારૂં ભઈ... હું તો હારી ગયો બસ.' તેમણે જાતે કોઈ અભિનેતાની જેમ એ રીતે નખરાંથી કહ્યું કે, મને હસવું આવી ગયું. મને હસતી જોઈને એ બોલ્યાં. 'ચાલો બહુ થાકી ગયો હતો તેમાં તેં હસીને મારા સપનાંના મહેલમાં જલતરંગ વગાડી દીધું. ચાલો હવે ઓરડામાં જઈશું કે પછી તું મારા લાડકા બબલુને જ લાડ કર્યાં કરીશ.'

'યાર હું પણ તને પ્રેમ કરૂં છું.' તે જરા મારી તરફ ઝૂક્યા એટલે બબલુ હસવા લાગ્યો. હું શરમાઈ ગઈ. 'હવે આ વધુ પડતું થાય છે. છોકરો જુએ છે તેનો તો વિચાર કરો.' બબલુનો હાથ પકડીને એ પગથિયાં ઉતરી ગયા. હું પણ તેમની પાછળ પાછળ હસતી હસતી નીચે આવી. આજે પણ ઉત્તરાયણનો આ ઉત્સવ મારી જિંદગીનો મહોત્સવ બની રહ્યો હતો. આટલો લાગણીશીલ હમસફર મળે પછી બીજું શું જોઈએ. મારી જિંદગીની ડોર તેની હાથમાં છે, એ વાત જ ખુશીની છે.

- vanvihari@gmail.com